# સાબરકાંઠામાં સાર્વત્રિક એકથી અઢી ઈંચ વરસાદ

## વહેલી પરોઢે પવન સાથે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી : હિંમતનગર નેશનલ હાઈવે પર પાણી ભરતા ભારે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં શનિવારે વહેલી પરોઢે ચોમાસાનું સત્તાવાર આગમન થયુ હોય તેમ રાત્રે દોઢ વાગ્યાના સુમારે જિલ્લાના મોટાભાગના તમામ વિસ્તારોમાં એકથી પોણા ત્રણ ઈંચ સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જેને લઈને હિંમતનગર સહિત જિલ્લાના અનેક સ્થળે નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ ન થતા લોકો દર વર્ષની જેમ આ વર્ષે પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. હિંમતનગર સહિત અન્ય સ્થળેથી પસાર થતા નેશનલ હાઈવે-૮ નું વિસ્તૃતિકરણ ચાલી રહ્યું હોવાને કારણે રાત્રે અંધારામાં અનેક ભારે વાહનો રોડની સાઈડમાં ફસાઈ ગયા હતા. જિલ્લામાં સૌથી વધુ વરસાદ પ્રાંતિજ અને હિંમતનગર તાલુકામાં વરસ્યો છે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શુક્રવારે સાંજે વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ હિંમતનગર સહિત પ્રાંતિજ, વિજયનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના સહિતના મોટાભાગના તમામ વિસ્તારોમાં જોરદાર પવન ફૂંકાવાનું શરૂ થઈ ગયુ હતું. જોકે ક્યાક વરસાદી ઝાપટુ પણ પડ્યું હતું. આખી રાત બાફ અને ઉકળાટનું પ્રમાણ વધુ રહેતા લોકો અકળાઈ ગયા હતા. દરમિયાન રાત્રે દોઢેક વાગ્યાના સુમારે પવન સાથે જોરદાર વરસાદ શરૂ થઈ ગયો હતો. જેને લીધે બહાર ખુલ્લામાં સુતેલા લોકો ઘરોમાં ભરાઈ ગયા હતા. મોડી રાત્રે અને વહેલી પરોઢે શરૂ થયેલા વરસાદને કારણે વાતાવરણમાં એકાંદરે સવાર સુધી ઠંડક પ્રસરી ગઈ હતી જોકે સવાર થતાની સાથે જ ફરી પાછો બાફ અને ઉકળાટ અનુવાયો હતો. હવામાન વિભાગના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં શનિવારે હિંમતનગર સહિત અન્ય સ્થળે તાપમાન ૩૯ ડીગ્રી રહેવા પામ્યુ હતું. જે સાંજે ઘટીને ૨૮ ડીગ્રીને આસપાસ સ્થિર થઈ ગયુ હતું. વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ભરાયેલા વરસાદી પાણીનો નિકાલ કરવા માટે લોકો વહેલી સવારથી જ કામે લાગી ગયા હતા. હિંમતનગર, પ્રાંતિજ, ગાંભોઈ તથા તે વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે-૮ નું વિસ્તૃતિકરણ ચાલી રહ્યું હોવાને કારણે રોડની બંને બાજુ માટીનું પુરાણ થઈ રહ્યુ છે અને વરસાદ પડતા રોડની બંને સાઈડોમાં નાખવામાં આવેલ માટે પાણીથી પલડી જતા જમીન પોચી પડી ગઈ છે અને વરસાદ થયા બાદ અજાણતાથી નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહેલા ત્રણથી વધુ ભારે વાહનો હિંમતનગરથી પ્રાંતિજ વચ્ચે રોડની સાઈડમાં પલ્ટી ખાઈ ગયેલા જોવા મળ્યા હતા. વરસાદને કારણે હિંમતનગરમાં મહાવીરનગર, પોલોગ્રાઉન્ડ, છાપરીયા, મહેતાપુર સહિતના અન્ય વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ ન થવાને કારણે ઠેરઠેર પાણી ભરાઈ ગયા હતા. જોકે સવારે પાણી ઓસરી ગયા હતા તેમ છતા અવરજવર કરતા અનેક લોકોને વાહનો લઈને નિકળવામાં મુશ્કેલી અનુભવવી પડી હતી. હવામાન વિભાગના જણાવાયા મુજબ શનિવારે રાત્રેથી સોમવાર સુધી સાબરકાંઠા જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. સાર્વત્રિક પડેલા વરસાદને કારણે જિલ્લાના અનેક ગામડાઓમાં પાછળથી વાવેતર કરેલ ખેડૂતોની બાજરી પલળી ગઈ છે જેથી તે ખેડૂતોને નુકશાન થશે.





### ક્યાં તાલુકામાં કેટલો વરસાદ પડ્યો

હિંમતનગર ૪૮ મી.મી., ઈડર ૨૩ મી.મી., વડાલી ૧૪ મી.મી., ખેડબ્રહ્મા, ૧૩ મી.મી., પોશીના ૯ મી.મી., વિજયનગર ૩૬ મી.મી., તલોદ ૨૧ મી.મી., પ્રાંતિજ ૬૮ મી.મી.

# પ્રાંતિજ સહિત તાલુકામાં રાત્રી દરમિયાન પોણા ત્રણ ઈચ વરસાદ ખાબક્યો

## વરસાદને લઇને ધરતી પુત્રોમાં ખુશીનો માહોલ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં ગઈ રાત્રીએ દોઢ કલાકમાં પોણા ત્રણ ઈંચ વરસાદ ખાબકતા ધરતી પુત્રોમાં ખુશીનો માહોલ જોવા મલ્યો હતો, સોસાયટીઓ સહિત નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયાં હતા.

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ ખાતે પણ મેઘરાજાની મેઘ મહેર જોવા મળી હતી જેમાં ગઈ રાત્રીએ અસહ્ય ગરમી ઉકળાટ વચ્ચે તેજ પવન સાથે વરસાદ પડયો હતો તો માત્ર દોડ કલાકમાં પોણા ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો. વરસાદને લઈને ધરતી પુત્રોમા ખુશીનો માહોલ જોવા મલ્યો હતો. પ્રાંતિજમાં વિવિધ સોસાયટીઓ સહિત નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરતાં ચોમાસાની શરૂઆતમા જ પ્રાંતિજ પાલિકાની પ્રિ.મોનસુનની પોલ ખોલી નાખી છે. છેલ્લા કેટલાક વર્ષોથી ઉમાપાર્ક અને ગોકુલપાર્કના રહીશો દ્વારા નગરપાલિકામાં વરસાદી પાણી ભરાઈ રહેવાની રજુઆતો છતાં તેવોની ફરીયાદ સાંભળવામા આવતી નથી અને ચોમાસા દરમિયાન આ સોસાયટીના રહીશોને માત્ર અડધો ઈંચ વરસાદ વરસે તો પણ સોસાયટીઓના મેન રોડ સહિત રહીશોના આંગણા સુધી પાણી ભરાઈ જાય છે. હાલ તો ચોમાસાની શરૂઆતમાં જ પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ પ્રિ.મોન્સુનની પોલ ખુલી હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. રાત્રીના સમયે માત્ર દોડ કલાકમાં તેજ પવન સાથે વરસાદ વરસતા પાણી- પાણી થઈ ગયું હતું, પ્રાંતિજમાં મોસમનો કુલ- પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.




### હિંમતનગરના સલાટ વાસમાંથી અજાણ્યા શખ્સો સગીરાને ભગાડી ગયા

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ સલાટવાસામાં રહેતી એક સગીરાને અઠવાડીયા અગાઉ અજાણ્યો શખ્સ વાલીપણામાંથી ભગાડી અપહરણ કરી ગયાની ફરીયાદ શુક્રવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોધાવા પામી છે. આ અંગે સલાટવાસમાં રહેતા સગીરાના વાલીવારસોએ નોધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૬ જુનના રોજ સવારે સાડાદશ વાગ્યાના સુમારે તેમના પરીવારની ૧૦ વર્ષની સગીરાને કોઈ અજાણ્યો શખ્સ કાયદેસરના વાલીપણામાંથી અગમ્ય કારણોસર ભગાડી ગયો હતો. ત્યારબાદ સગીરના વાલીવારસોએ તપાસ કરવા છતા સગીરાનો કોઈ પત્તો મળ્યો ન હતો જેથી સગીરાના વાલીવારસોએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ છે.

# ભિલોડા તાલુકામાં ગત રાત્રે વાવાઝોડું ફુકાયા બાદ ભારે વરસાદી ઝાપટુ

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં અસહ્ય કાળઝાળ ગરમી અને ભારે ઉકળાટ બાદ વાતાવરણમાં એકાએક પલટો આવતા આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા બાદ વીજળીના કડાકા-ભડાકા અને મેઘ ગર્જના સાથે વાવાઝોડું ફુકાયા બાદ વરસાદી ઝાપટુ વરસ્યું હતું.ખેતરોમાં અને નીચાણવાળા વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાયા હતા.વાતાવરણમાં એકદંરે આહ્લાદક ઠંડક પ્રસરી હતી.સામાન્ય વરસાદ અને વાવાઝોડું ફુકાતા વીજ પુરવઠો ખોરવાયો હતો.વરસાદની મઝાની સાથે-સાથે વીજ પુરવઠો એકાએક ખોરવાઈ જતા પ્રજાજનોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

અસહ્ય ઉકળાટ અને બફારાથી અબોલા પશુ-પખીઓ અને પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા હતા.વાતાવરણમાં પલટો આવ્યા બાદ આકાશમાં વાદળો ગોરંભાયા હતા. ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો.વાવાઝોડા સાથે વરસાદ વરસતા જન જીવન પ્રભાવિત બન્યું હતું. ખેડુતોમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી હતી.ચોમાસુ સિઝનના શુભારંભ દરમ્યાન ખેડુતો ખેતીના કામકાજમાં પરોવાયા હતા. ભિલોડા તાલુકા મથક ખાતે ખેડુતો બિયારણની ખરીદી અર્થે ઉમટ્યા હતા.ભિલોડા બેંક ઓફ બરોડા આગળ મંડપ ધારાશાયી થયો હતો.

વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ જશુભાઈ અસારીના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકાના વેજપુર ગામમાં ભારે પવન સાથે વરસાદ આવતા ખેતરમાં પશુઓ બાંધવા બનાવેલ તબેલાના શેડના પતરા ઉડતા પશુપાલકને નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. ભિલોડા તાલુકામાં આ વર્ષે વરસાદ એકદંરે વહેલો આવતા ઉનાળુ સિઝન દરમ્યાન વાવેતર કરેલ પાકો તૈયાર હોઈ પરંતુ વરસાદ આવતા વિવિધ પાકો પલળી જતા ખેડુતોના હાથમાં આવેલો કોળીયો છીનવાઈ જતા ખેડુતોને નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.





# પ્રાંતિજ ખાતે ધી પ્રાંતિજ તાલુકા ફળ અને શાકભાજી તાલુકા સંઘની બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ધી પ્રાંતિજ તાલુકા ફળ અને શાકભાજી તાલુકા સંઘની મીટીંગ યોજાઈ હતી જેમાં સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિહ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતા. વાઈસ ચેરમેન વિપુલભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પ્રાંતિજ ખાતે આવેલ માર્કેટયાર્ડના સભાખંડમાં ધી પ્રાંતિજ તાલુકા ફળ અને શાકભાજી સંઘની બેઠક યોજાઈ હતી, જેમાં સાબરકાંઠા અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. વાઈસ ચેરમેન તરીકે વિપુલભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

પ્રાંતિજ ખાતે આવેલ માર્કેટ યાર્ડના સભાખડમાં ધી પ્રાંતિજ તાલુકા ફળ અને શાકભાજી સંઘની બેઠક યોજાઈ હતી જેમાં સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગમા વાઈસ ચેરમેન તરીકે વિપુલભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. હિસાબ સહિતની ચર્ચાઓ બાદ નવા સભા સભાસદો સહિત માર્કેટયાર્ડમાં ગોડાઉન, બજાર વિસ્તારમાં એપ્રોચ રોડ વિસ્તારમાં દુકાન લેવા સહિતની ચર્ચાઓ યોજાઈ હતી. દિપસિંહ રાઠોડ દ્વારા ખેડૂતોના હિત વિશે વિશેષ ચર્ચાઓ કરી હતી. સંઘ મજબુત બને તેવા આયોજનો વિશે જણાવ્યું હતું. ચેરમેન બીપીનભાઈ પટેલ, વાઈસ ચેરમેન વિપુલભાઈ પટેલ, સતિષભાઈ, કુણાલભાઇ, મનુભાઈ, જીતુભાઈ, રસિકભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, કે.પી. પટેલ, કોદરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



# બનાસકાંઠા સાંસદ લાખણીની ગેળા કાચી કેનાલની મુલાકાતે

## સુજલામ સુફલામ કેનાલમાં કાયમી પાણી ચાલુ રાખવાની ખાતરી

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક લાખણીમાં પણ ઘટતા જતા ભૂગર્ભ જળ વચ્ચે થોડા દિવસ પહેલા કાંકરેજ તાલુકાના ચાંગા પંપીંગ સ્ટેશન પરથી લાખણી તાલુકામાંથી પસાર થતી સુજલામ સુફલામ્ કાચી કેનાલમાં નર્મદાનું પાણી નાખવામાં આવ્યું હતું જે પાણી લાખણી ખાતે આવી પહોંચતા બનાસકાંઠા સાંસદ પરબતભાઈ પટેલ કેનાલની



મુલાકાતે આવ્યા હતા. જ્યાં પાણીના વધામણાં બાદ મીડિયા સમક્ષ તેમણે જણાવ્યું હતું કે કાચી કેનાલમાં પાણી આવવાથી ઊંડા જઈ



રહેલા પાણીના ભૂગર્ભ જળ ઊંચા આવશે, જેથી ખેડૂતોને ખેતી કરવામાં મુશ્કેલી નહિ પડે. વધુમાં તેમણે ખેડૂતોની મુશ્કેલી દૂર કરવા રાજ્ય અને કેન્દ્ર સરકાર કટિબદ્ધ હોવાનું ઉમેર્યું હતું.

આ બાબતે ખેડૂતોએ સુજલામ સુફલામ કાચી કેનાલમાં સતત પાણી ચાલુ રાખવામાં આવે તો જ ઊંડા જઈ રહેલા પાણીના તળને રોકી શકાય બાકી તો કેનાલ બન્યાને આજે વર્ષો વિતી ગયા છતાં પણ પાણીના તળ દિવસેને દિવસે ઊંડા જઈ રહ્યા છે. જેથી ખેડૂતોને આવક સામે ખર્ચા વધી રહ્યા છે તેવી રજુઆત કરી હતી. ત્યારે સાંસદ પરબતભાઈ પટેલે સુજલામ સુફલામ કેનાલમાં કાયમી ધોરણે પાણી ચાલુ રાખવાની ખેડૂતોને ખાતરી આપી હતી. એમની સાથે આગેવાનો બાબરાભાઈ ચૌધરી, તેજાભાઈ ભુરીયા, ગેળા ડેપ્યુટી સરપંચ હરજીભાઈ ચૌધરી, નાનજીભાઈ ભીમગઢ, વાલ્મિક રામચંદભાઈ સરપંચ ગેળા, આરડી ઉદાભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### જુના પડતર કુવા રિચાર્જ કરવાની અપીલ

સંસદસભ્ય પરબતભાઈ પટેલે ગેળા સુજલામ સુફલામ કેનાલની મુલાકાત લઈ કાયમી માટે તેમાં પાણી ચાલુ રાખવાની ખાતરી સાથે ખેડૂતોને વરસાદના વહી જતા પાણીથી જુના પડતર કુવા રિચાર્જ કરવા અપીલ કરી હતી કે જેથી પાણીના તળ જળવાઈ રહે.



### અરવલ્લી જિલ્લામાં પ્રથમ વરસાદ વરસતા ધરતીપુત્રોમાં આનંદ

અરવલ્લી જિલ્લામાં પ્રથમ વરસાદ વરસતા ધરતીપુત્રોમાં આનંદ છવાયો છે. ચાલુ વર્ષે સારા વરસાદની આશાએ ચોમાસુ પાકની પૂર્વ તૈયારીના ભાગરૂપે પ્રથમ વરસાદ થતાની સાથે જ ખેડૂતો હર્ષભેર પોતાના ખેતરો ખેડીને ચોમાસુ પાકની વાવણીની પૂર્વ તૈયારીઓ હાથ ધરી રહ્યા છે. ખાતર, બિયારણ, ઓજારો ખરીદવા બજારમાં નીકળતા બજારમાં વેપારીઓને ઘરાકી નીકળી હતી. ખેડૂતો અને વ્યાપારીઓમાં ઉત્સાહ જોવા મળે છે.

# મોડાસાના સર્વોદયનગરના માર્ગે દારૂડિયાઓના ત્રાસથી શહેરીજનો ત્રાહમામ

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લામાં લૉકડાઉનના સમયગાળામાં રોજબરોજ વિદેશી દારૂનો મોટાપાયે જથ્થો પકડવામાં પોલીસ સફળ રહી છે. ત્યારે મોડાસા શહેરના માલપુર રોડ પરના સાંઈ મંદિરથી સર્વોદયનગર જવાનો માર્ગ દારૂડિયાઓ માટેનો મહેફિલ માર્ગ બની ગયો છે. દિવસ દરમ્યાનના સમયગાળામા દારુડીયાઓ દેશી દારૂ ઢીંચીને કોઈપણ પ્રકારના પોલીસના ડર વગર ખુલ્લેઆમ રસ્તા પર આળોટતા નજરે ચડે છે જેને લઈને રોડની આજુબાજુની સોસાયટીના રહીશો ત્રાહીમામ પોકારી ઉઠયા છે.

દિવસ દરમ્યાન લોકો તથા વાહનોની અવરજવરથી ધમધમતો આ રોડ દારૂડીયાઓની હરકતોને લઈને માથાનો દુખાવો બન્યો છે. વધુમાં આ રોડ પર સર્વોદયનગર પ્રાથમિક શાળા આવેલી છે ત્યારે દારૂડિયાઓની આવી હરકતને લઈને શાળાના બાળકોના સંસ્કાર પર પણ સીધી અસર થવાની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે. ત્યારે તંત્ર દ્વારા આ માર્ગ પર પોલીસ પેટ્રોલિંગ વધારીને કાર્યવાહી કરવામાં આવી તેવી માંગ ઉઠી છે.

### ધો. ૧૦ માં ટ્રીનીટી હાઈસ્કૂલનુ ૭૩.૬૮ ટકા પરિણામ

તલોદ, તા. ૧૩

તલોદ સ્થિત ટ્રીનીટી હાયર સેકન્ડરી સ્કૂલનું ધો. ૧૦નું પરિણામ ૭૩.૬૮ ટકા જેટલુ આવ્યુ હતુ. શાળાનુ વિદ્યાર્થીઓએ ઉજ્જવળ દેખાવ કરતા શાળાનુ ગૌરવ વધ્યુ છે. ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરનાર અને પાસ થનાર દરેક વિદ્યાર્થીને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

ટ્રીનીટી હાયર સેકન્ડરી સ્કૂલના ચૌહાણ ફાજીલમિયાએ ૮૭.૧૬ ટકા, રાઠોડ શ્રેયે ૮૦ટકા, શાહ પલકે ૭૯.૬૬ ટકા, રાવલ ક્રિશે ૭૯.૦૫ ટકા અને શાહ યુક્તાએ ૭૪.૮૩ ટકા મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ છે.

### વિજાપુર તોફાન કેસમાં ફરાર બે આરોપી ઝડપાયા

પદ્માવત ફિલ્મ રીલીઝ સમયે મહેસાણાના વિજાપુર ખાતે થયેલા તોફાનના કેસમાં બે ફરાર આરોપીને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. પીએસઆઈ ડી.એસ.રાઓલની ટીમને આરોપીઓ અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે માણસાના અનોડીયા ગામના દશરથસિંહ દાનસિંહ રાઠોડ અને દિલિપસિંહ તખતસિંહ રાઠોડને પકડી પાડ્યા હતા. પદ્માવત ફિલ્મ રીલીઝ સમયે ટોળાએ તોફાન કરીને ગુનો આચર્યો હતો.જે અંગે વિજાપુર પોલીસ મથકમાં હત્યાનો પ્રયાસ અને જાહેર સંપતિને નુકશાન સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શ્રી હિંગળાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીના હોદ્દેદારોની વરણી

મોડાસા, તા. ૧૩

મોડાસા શહેરમાં છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત ભાવસાર સમાજની શ્રી હિંગળાજ ક્રેડિટ કો. ઓપ. અને ગ્રાહક ધિરાણ મંડળી લી. હોદ્દેદારોની મુદત પૂર્ણ થતા નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી. જેમાં ચેરમેન તરીકે ભાવિનકુમાર સી. ભાવસાર, (ગોકળદાસ પિતામ્બરદાસ), વાઈસ ચેરમેન તરીકે અનિલભાઈ કે. ભાવસાર (સિદ્ધાર્થ ફેશન) અને મેનેજીંગ ડિરેક્ટર તરીકે વિનોદકુમાર વી. ભાવસાર (પત્રકાર) (હોટલ પૂર્ણિમા)ની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ જેને સમાજના આગેવાનો તેમજ નગરના શ્રેષ્ઠિઓએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

